# ઝઘડીયાના જયુડી. મેજી. ફ.ક. સાહેબની અદાલત સમક્ષ, મું. ઝઘડીયા

ફોજ. કે. નં.૮૩૩/૨૦૨૪
આંક–

ફરીયાદી. શ્રી સરકાર

વિરુધ્ધ.

આરોપીઓ ૧ સલમાન નસીરભાઇ હુસેનભાઇ ગરાસીયા
રહે.નવી નગરી, ગોવાલી,
૨ રાહુલભાઈ રૂપસીંગભાઈ ઉર્ફે કોયાભાઈ મોરારભાઈ વસાવા
રહે. મુલદ મંદિર ફળિયું, તા. ઝગડીયા, જી. ભરૂચ
૩ રોકી દલસુખભાઈ મોરારભાઈ વસાવા
રહે. મુલદ મંદિર ફળિયું, તા. ઝગડીયા, જી. ભરૂચ
૪ પિયુષભાઈ સુરેશભાઈ વસાવા
રહે.નિકોરા મંદિર ફળિયું,તા.જી. ભરૂચ

ગુન્હો:– પ્રોહીબીશન એકટની કલમ–૬૫(એ) (ઇ), ૯૮(૨), ૮૧ મુજબ

---

ફરીયાદ પક્ષ તરફે વિ.એ.પી.પી.શ્રી એન.પી.ઉમરીયા
આરોપીઓ તરફે વિ.વ. શ્રી એમ.એલ. વસાવા

---

## –: ચુ કા દો :–

૧. ફરીયાદ પક્ષની ટુકમા હકીકત એવી છે કે, આ કામના આરોપીઓએ ગે.કા અને વગર પાસ પરમીટના ઈગ્લીશ દારૂનો મુદામાલ પોતાના કબજા ભોગવટામા રાખી ધી પ્રોહીબીશન એકટની કલમ – **૬૫(એ) (ઇ), ૯૮(૨), ૮૧** મુજબનો શીક્ષા પાત્ર ગુનો કરેલ હોય જે રજીસ્ટર કરી તપાસ કરનાર અમલદારે તપાસ સંભાળી લઈ આરોપી વિરુધ્ધ પુરતો પુરાવો હોય નામ.કોર્ટમા ચાર્જશીટ કરેલ.

૨. આ કામે આરોપીઓ ને સમન્સ કરતા આરોપીઓ હાજર થતા સીઆર.પી.સી. ક.૨૦૭ મુજબ મુજબની જોગવાઈનુ પાલન કર્યા બાદ આરોપીઓ સામે તહોમતનામુ ફરમાવતા આ ગુનાના કામે આરોપીઓ નો જવાબ લેતા તેણે ગુનાનો ઈન્કાર કરેલ છે.

૩. આ કામના આરોપીઓ નુ સી.આર.પી.સી. કલમ–૩૧૩ મુજબ વિશેષ નિવેદન લેવામા આવેલ છે.

૪. ત્યારબાદ ફરીયાદ પક્ષે આરોપીઓ વિરુધ્ધનો ગુનો પુરવાર કરવા માટે પોલીસ સાહેદો તથા પંચ સાહેદોને તપાસવામા આવેલ છે તેમજ દસ્તાવેજી પુરાવામા ગુના લગત કરવામા આવેલ પંચનામુ રજુ કરેલ છે.

૫. ત્યારબાદ બંને પક્ષની દલીલ તથા રજુ થયેલ પુરાવા ઘ્યાને લેતા સદર કેસના નિર્ણય માટે નીચે મુજબના મૃદૃા નિર્ણિત કરવા જરૂરી બને છે.

**-: મુદ્દા :-**

(૧) શું ફરીયાદ પક્ષ એ હકીકત નિ:શંકપણે પુરવાર કરે છે કે, આ કામના આરોપીઓએ ગે.કા અને વગર પાસ પરમીટના ઈંગ્લીશ દારૂનો મુદામાલ પોતાના કબજા ભોગવટામા રાખી ધી પ્રોહીબીશન એકટની કલમ – **૬૫(એ) (ઇ), ૯૮(૨), ૮૧** મુજબનો શિક્ષાપાત્ર ગુનો કરેલ છે ?

(૨) શું હુકમ ?

૬. ઉપરોકત મુદ્દાઓની હવે પછી તુરત ચર્ચા કર્યાના આધારે અમારા નિર્ણય જવાબ નીચે મુજબ છે.

(૧) નકારમાં.

(૨) આખરી હુકમ મુજબ.

**-: કારણો :-**

૭. ઉપરોકત બંને મુદાઓ એકબીજાથી સંલગ્ન હોય તેની સંયુકત ચર્ચા કરવામા આવે છે.

૮. ફરીયાદ પક્ષે આંક–૧૫ થી ફરીયાદીની જુબાની નોંધવામા આવેલ છે જેમા તેઓએ કહેવાતા બનાવમા આરોપીઓ ના કબજા ભોગવટામાથી વિદેશી દારૂનો મુદામાલ મળી આવેલ હોવાનુ ફરીયાદમા જણાવ્યા મુજબની હકીકતોને સમર્થન કરેલ છે. વધુમા ફરીયાદ પક્ષ તરફે આરોપીઓ સામેનો કેસ પુરવાર કરવા રજુ થયેલ સમગ્ર પુરાવો વંચાણે લેતા આ કામે તેમના પુરાવામાં આરોપીઓ ના કબજા ભોગવટાના ઘરમાથી ગે.કા અને વગર પાસ પરમીટના વિદેશી દારૂની બોટલો મળી આવેલ તેમજ તે મુદામાલ તેમજ મુદામાલ સેમ્પલ કબજે કરેલ હોવાનું જણાવેલ છે. વધુમા સમગ્ર પુરાવો ધ્યાને લેતા મુદામાલ દારૂ હોવા સંદર્ભેનો એફ.એસ.એલ રીપોર્ટ તેઓએ આ કામે રજુ કરેલ નથી તેમજ બનાવવાળી જગ્યાએ થી સ્વતંત્ર અને તટસ્થ સાહેદો મળી શકવાની સંભાવનાઓ હોવા છતા કયાં કારણોસર તેવા કોઈ સાહેદોના નિવેદન લેવામા આવેલ નથી તે અંગેનો પણ કોઈ યોગ્ય ખુલાસો કરવામા આવેલ નથી. આમ, કહેવાતો મુદામાલ આરોપીઓ ના પ્રત્યક્ષ કબજામાંથી મળી આવેલ હોય કે આરોપીઓ ને સ્થળ ઉપર અટક કરવામાં આવેલ હોય કે જે જગ્યાએથી મુદામાલ અટક કરવામા આવેલ હોય તે જગ્યા આરોપીઓ ની માલીકી કબજા ભોગવટાની હોય તે હકીકત ફરીયાદપક્ષ શંકા થી પર રહીને પુરવાર કરી શકેલ નથી. વધુમા સદર કામે તપાસવામાં આવેલ સાહેદ પોલીસ સાહેદ હોવાથી રસ ધરાવનાર સાહેદ કહી શકાય અને રસ ધરાવનાર સાહેદનો પુરાવો માનવો તેવો કોઈ કાયદાનો પ્રસ્થાપિત સિધ્ધાંત નથી પરંતુ આરોપીઓ વિરૂધ્ધનુ તહોમત સિધ્ધ કરવા માટે ફરીયાદપક્ષના કેસને સ્વતંત્ર, સબળ, સચોટ અને વિશ્વસનીય પુરાવાથી સમર્થન મળવુ આવશ્યક છે પરંતુ આ કામે તપાસના કામે ત.ક.અ. એ તેવા કોઈ સ્વતંત્ર સાહેદોના નીવેદન લીધેલ નથી જે હકીકત ફરીયાદપક્ષના કેસ સમક્ષ શંકા ઉપસ્થિત કરે છે. સદર કામે આંક–૧૮, ૧૯, ૨૦ થી રજુ પંચનામાના પંચ સાહેદોએ પણ પંચનામામાં જણાવેલ હકીકતને સમર્થન આપેલ ન હોય ફરીયાદપક્ષ પંચનામુ પણ પુરવાર કરવામા નિષ્ફળ નિવડેલ છે.

૯. આમ, ઉપરોકત રજુ થયેલ પુરાવો વંચાણે લેતા આરોપીઓએ ગેર કાયદેસર પાસ પરમીટ વગર વિદેશી દારૂ તેઓના કબજામાં રાખેલ હોય તેવી હકીકત પણ ફરીયાદ પક્ષ પુરાવાથી પુરવાર કરી શકેલ ન હોય ફરીયાદ પક્ષ આરોપીઓ સામેના પ્રસ્તુત કેસ વ્યાજબી શંકાથી

પર સાબીત કરી શકેલ ન હોય. જેથી મુદ્દા નં.૧ નો જવાબ નકારમા ઠરાવી છુ અને મુદ્દા નં.૨ પરત્વે નીચે મુજબનો આખરી હુકમ ફરમાવવામા આવે છે.

## **-: હુ ક મ :-**

(૧) ક્રિ.પ્રો.કોડની કલમ-૨૪૮(૧) અન્વયે આરોપીઓ ને પ્રોહીબીશન એકટની કલમ-**૬૫(એ) (ઇ), ૯૮(૨), ૮૧** મુજબ શિક્ષાને પાત્ર ગુનામાંથી શંકાનો લાભ આપી નિર્દોષ ઠરાવી છોડી મુકવામા આવે છે.

(૨) આ કામે કબ્જે કરવામાં આવેલ મુદ્દામાલ મોબાઇલ અંગે અગાઉ વચગાળાનો હુકમ કરવામા આવેલ હોય તો તે કાયમ રાખવામા આવે છે અન્યથા મોબાઇલ માલીકી અંગે ખરાઇ કરી તેના મુળ માલિકને પરત સોપવાનો હુકમ કરવામા આવે છે તે સિવાય પ્રોહી મુદ્દામાલનો અપીલ સમય વીત્યા બાદ ધોરણસર નાશ/નિકાલ કરવો.

(૩) સદરહું કામના આરોપીએ ફોજદારી કાર્યરીતિ સંહીતાની કલમ-૪૩૭(એ) અન્વયે જો આ ઠરાવ સામે અપીલ થાય તો અપીલના કામે હાજર રહેવા માટે રૂા. ૫,૦૦૦/- ના જામીન અને તેટલી જ રકમનો જાત મુચરકો આપવા.

હુકમ આજરોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

**Date : 08-07-2026**

**( J.S.RATHORE )**
**ADDI CIVIL JUDGE & J.M.F.C**
**JHAGADIA,**
**JUDGE CODE NO GJ01695**